**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૩ ટકા ● સાંજે ૨૭ ટકા

# ગાંધીનગર ઉડિયા સમાજ દ્વારા ઉત્કલ દિવસની ઉજવણી









ગાંધીનગર, તા.૨

ગુજરાત અને ઓડિશાના લોકો ઉત્સવ પ્રિય છે તેવું ગાંધીનગરના ટાઉનહોલ ખાતે યોજાયેલ ગાંધીનગર ઉડિયા સમાજ દ્વારા ઓડિશાના ૮૩ મા સ્થાપના દિન ઉત્કલ દિવસની ઉજવણી પ્રસંગે રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું.

ગાંધીનગર ઉડિયા સમાજના સભ્યોને ઉત્કલ દિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવી રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે, ભારત દેશ અનેક પ્રાંતમાં વહેચાયેલો દેશ છે. તમામ પ્રાંતની સંસ્કૃતિ, ભાષા અને અન્ય વિવિધ બાબતોમાં વિભિન્નતા જોવા મળે છે. તેમ છતાં દેશની વિવિધતામાં એકતા તથા અનેક્તામાં એકતાએ ભારત દેશને વિશ્વમાં એક અલગ ઓળખ આપી છે. ઓડિશાનું કુદરતી સૌદર્ય અને ધાર્મિકતાથી ભારતવાસીઓ ઓડિશામાં જવા આકર્ષાય છે. ઉત્કલ પ્રદેશની લડાઈ બાદ જ અશોક રાજાનું હૃદય પરિવર્તન આવ્યું હતું. ઓડિશાને અલગ રાજય તરીકે સ્થાપના કરવામાં યોગદાન આપનાર શ્રી મધુસુદન દાસ, ગોપનંદ દાસ જેવા વિવિધ મહાનુભાવોને યાદ કરીને ઓડિશાની અનેક રસપ્રદ વાતો કરી હતી.


નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે ગાંધીનગર ઉડિયા સમાજને ઉત્કલ દિવસના અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, હિન્દુ ધર્મ અને ભારતદેશના ઈતિહાસમાં ઓડિશાનું એક અલગ જ સ્થાન છે. આપણો દેશ અલગ અલગ રાજયનો બનેલો છે. દેશની અખંડિતતા તથા એક્તા સારી હોવાનું કારણ હજારો વર્ષોથી દેશના વિવિધ પ્રાંતના લોકો એકબીજા સાથે કોઈને કોઈ બાબતે જોડાયેલા છે. કોર્ણાકનું મંદિર તેમજ મોઢેરા નવું સૂર્ય મંદિર એ આપણી સહિયારી સંસ્કૃતિ નું પ્રતિક છે.

આ પ્રસંગે સ્ટેટ વિજીલન્સ કમિશનર શ્રી એચ.કે. દાસ, હુડકાના ડાયરેકટર શ્રી એસ.કે.નંદા, જી.આઈ.ડી.સીના ચેરમેન શ્રી બલવંતસિંહ રાજપૂતએ પણ ઉત્કલ દિવસની ઉજવણી પ્રસંગે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

કાર્યક્રમના આરંભે ગાંધીનગર ઉડિયા સમાજના ચેરમેન શ્રી એચ.કે. મિશ્રાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ઉડિયા સમાજના જનરલ સેક્રેટરી શ્રી ડૉ. નરોત્તમ સાહુએ આભારવિધી કરી હતી. ઉડિયા સમાજના લોકો ઉત્કલ દિવસની ઉજવણી પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## બીએપીએસ સંસ્થામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવાયો





ગાંધીનગર, તા.૨

બીએપીએસ સંસ્થાના પ્રગટ ગુરુ હરિ શ્રી મહંત સ્વામી મહારાજે આધ્યાત્મિક, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા નારી ભકતોની પ્રગતિને ગતિ આપી ઘણી વર્ષા કરી છે ત્યારે ૮મી માર્ચ વિશ્વ મહિલા દિનના પ્રતિક દિન તરીકે તા. ૩૧-૩-૨૦૧૮ને શનિવારના રોજ મહિલા દિનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની શુભ અરૂઆત દિપ પ્રાગટય, ધૂન પ્રાર્થના અને સ્તુતિ કરી કરવામાં આવી હતી. સાથે પ્રસંગને અનુરુપ બાલિકા નૃત્ય, ઘરસભા સંવાદ, ગરબો, પ્રગતિ ગીત, પ્રવચન અને યોગ યજ્ઞના નિયમની સમજુતિ જેવા કાર્યક્રમ રજુ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગુજરાત મહિલા આયોગના ચેરપર્સન લીલાબેન આકોલિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા સાથે મીનાબેન ભાવસાર (ગાંધીનગર મહિલા સંયોજક), મીનાક્ષીબેન પટેલ, અર્ચનાબેન દેસાઈ, બીનીતાબેન પટેલ (ગાંધીનગર મહિલા અને યુવતી નિર્દેશિકાઓ) ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાંદેસણ સ્કુલના ડાયરેકટર નીતાબેન શાહ તથા મીનાબેન ભાવસાર વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમની આભારવિધિ ગાંધીનગર ક્ષેત્ર-૧ના મહાનિર્દેશિકા દિપિકાબેન પટેલે કરી હતી.

## ખોરજ કન્ટેનર ડેપોમાંથી ૨૮ લાખની એલ્યુમિનિયમ ચોરી જનાર ઝડપાયો

**કન્ટેનર ડેપોમાં પાર્ક કરેલી ટ્રકમાંથી એલ્યુમીનીયમના ૧૮ ડ્રમ ચોરી લીધા હતા : પકડાયેલો મુખ્ય સુત્રધાર દાઉદ ખોખર ગુનાહીત ઈતિહાસ ધરાવે છે**




ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક ખોરજ કન્ટેનર ડેપોમાંથી એક વર્ષ પહેલા એક ટ્રકમાંથી ૩૯૦૦ કીલો વજનના એલ્યુમીનીયમના ડ્રમની ચોરી થવા પામી હતી. રૂ. ૨૮ લાખની એલ્યુમીનીયમની ચોરી પ્રકરણમાં ફરાર મુખ્ય સુત્રધાર દાઉદ ખોખર નામનો શખ્સ ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી ગયો છે. એલસીબીની ટીમે આ શખ્સની ધરપકડ કરી ગુનાહીત ઈતિહાસ તપાસ કરતાં તેની સામે અગાઉ પોલિસ ઉપર હુમલો તથા ચોરીના ગુનાઓ પણ નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત અને તરલ ભટ્ટની એબસ્કોન્ડર સ્કવોર્ડે નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવીને તેમને પકડવા દોડી રહી છે ત્યારે ગઈ કાલે પીએસઆઈ વી.એમ. ઝાલાની ટીમને બાતમી મળી હતી કે અડાલજ પાસેના ખોરજ કન્ટેનર ડેપોમાં એક વર્ષ પહેલા થયેલી રૂ. ૨૮ લાખની કિંમતના એલ્યુમીનીયમની ચોરીના ગુનાનો નાસતો ફરતો મુખ્ય સુત્રધાર પથિકાશ્રમ પાસેથી પસાર થઈ રહ્યો છે જે આધારે વોચ ગોઠવીને ટીમે પથિકાશ્રમ પાસેથી સાણંદ તાલુકાના સુર્યાનગર રોડ પર રહેતા દાઉદ મજ્જીદ ખોખરને પકડી પાડયો હતો. પકડાયેલો આ મુખ્ય સુત્રધાર દાઉદ ખોખર વિરૂધ્ધમાં અડાલજ પોલિસ સ્ટેશનમાં પોલિસ ઉપર હુમલો કરવાનો તેમજ અમદાવાદ શહેરના વટવા અને ઈસનપુર પોલિસ સ્ટેશનમાં ચોરીના ગુનાઓ નોંધાયેલા છે. આરોપીની ધરપકડ કરીને વધુ પુછપરછ શરુ કરવામાં આવી છે.

## માનવતાના સાદમાં સહભાગી થવા વસાહત મહામંડળની નગરજનોને અપીલ

ગાંધીનગર, તા.૨

ઉનાળાના ધોમધખતા તડકાથી ત્રાહિમામ થતા ખુલ્લા પગને રક્ષણ આપતા ચરણ સેવાના પુણ્યશાળી કામમાં નગરજનોને સહભાગી થવા અને યોગદાન આપવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા અપીલ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને અરૂણોદય સેવા ટ્રસ્ટ ૧૯૯૧થી ચરણ સેવા અભિયાન ચલાવે છે ત્યારે લોકોના આર્થિક સહયોગથી અત્યાર સુધીમાં ૨,૬૯,૦૦૦ જરૂરીયાતમંદ શ્રમજીવીઓને, ૫૦ શાળાઓના વિદ્યાર્થીઓને પગરક્ષણ આપવાનું સેવા કાર્ય કરવામાં આવ્યું છે ત્યારે માનવાના આ સાદને ઝીલવા આર્થિક સહયોગ આવકાર્ય છે. જેમાં એક વ્યકિતને પગરખા પહેરવા રૂપિયા ૫૦નો ખર્ચ થાય છે ત્યારે પ્રતિવર્ષ ૧૫ થી ૨૦ હજાર લોકો સુધી આ સેવા પહોંચાડવાનો આશય હોવાથી આર્થિક સહયોગ આપવા ઈચ્છુક ઉમેદવારે બને તેટલું વધુ અને વહેલી તકી શહેર વસાહત મહામંડળ ગાંધીનગરના પ્રમુખ અરૂણભાઈ બુચનો સે-૨૦ અષ્ટલક્ષ્મી એપાર્ટમેન્ટ ખાતે અથવા ૨૩૨૬૦૩૭૦ અને ૯૮૨૫૦૧૮૧૩૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## સે-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે આઈ ચેક-અપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૪ સ્થિત આવેલ ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે ગત તા.૨ એપ્રિલને સોમવારના રોજ તેજ આઈ સેન્ટર દ્વારા આઈ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેકટરના ૬૭ નાગરીકોએ આંખની ચકાસણી કરાવી હતી.

ગાંધીનગર મહાનગર પાલિકા વોર્ડ નં-૮ ના કોર્પોરેટર્સ નરેશભાઈ પરમાર અને પ્રવિણાબેન વોરાના સાથ અને સહકારથી સેકટર-૪ ખાતે ઓમકારેશ્વર મહાદેવ મંદિરના પ્રમુખ જગદીશભાઈ રાવલ તેમજ સભ્યો કશ્યપ મહેતા, મોતીગીરી ગોસ્વામીની સેવાકીય ભાવનાથી તેજ આઈ સેન્ટરના ડો. તેજલ દલાલ દ્વારા ફ્રી આઈ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં સેકટરના વિવિધ વિભાગોમાં ફરીને જાણ કરવામાં આવી હતી.ત્યારે સેકટરના ૬૭ જેટલા નાગરીકોએ આંખની ચકાસણી કરાવી હતી.આ પ્રસંગે સે-૪ વસાહત મંડળ દ્વારા તેજ આઈ સેન્ટરના ડોકટર અને તેમની ટીમનો આભાર વ્યકત કરાયો હતો.

## ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘની ચિંતન બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨

ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ગુણોત્સવ-૮ અંતર્ગત ગાંધીનગર ટાઉનહોલ ખાતે ચિંતન બેઠક યોજાઈ હતી. બેઠકનો પ્રારંભ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય કરીને કરવામાં આવ્યો હતો.

આ ચિંતન બેઠકમાં સ્વાગત પ્રવચન સંઘના મહામંત્રી સતિષ પટેલે કર્યું હતું. બેઠકમાં રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજયકક્ષાના મંત્રી વિભાવરીબેન દવે સહિતના શિક્ષણ ક્ષેત્રના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા અને પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આ ઉપરાંત સરકાર દ્વારા ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ સંઘના ઉકેલવામાં આવેલા તથા લાંબા સમયથી શિક્ષકોના પડતર બાકી પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં ગુણોત્સવ ૧ થી ૭ દરમિયાન એ થી ડી ગ્રેડ દર્શાવતી શાળાની સંખ્યા દર્શાવતી માહિતી પણ રજુ કરવામાં આવી હતી.

## ગાંધીનગરમાં આંજણા (ચૌધરી) સમાજના સ્પર્ધાત્મક તાલીમવર્ગના ૭૫૦ વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો





ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં શ્રી અખીલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના સહયોગથી અને શ્રી આંજણા (ચૌધરી) સેવા મંડળ – ગાંધીનગર દ્વારા સંચાલિત પોલીસ ઈન્સ્પેકટર, જનરલ વર્ગ – ૩ અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ લઈ રહેલા ચૌધરી સમાજના ૭૫૦ જેટલા વિધાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

શ્રી અખીલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ શ્રી હરિભાઈ વી. ચૌધરીએ જણાવ્યું હતું કે, સરકારી સેવાઓનું ફિલ્ડ ઘણું વિશાળ છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓના તાલીમ વર્ગમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત તાલીમાર્થીઓ સફળતા પ્રાપ્ત કરે અને સરકારી સેવાઓ ખંત-નિષ્ઠા અને પ્રમાણિકતાથી નિભાવી ઉજ્જવળ કારકિર્દીનું ઘડતર કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. તેમણે પ્રજાકીય સેવા કાર્યો અને ચૌધરી સમાજના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપવા અપીલ કરી હતી.

ગાંધીનગર ચૌધરી સમાજના પ્રમુખ શ્રી કનુભાઈ ડી.ચૌધરી (પ્રમુખ ગ્રૂપ) એ બંને સંસ્થાના સહયોગથી સંચાલિત સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગના સુંદર આયોજન બદલ સંચાલકોને અભિનંદન આપીને જણાવ્યું હતું કે, પોતાની કારકિર્દીના ઘડતર માટે દૂરના જિલ્લાઓમાંથી વિશાળ સંખ્યામાં ભાઈ-બહેનો ગાંધીનગરના તાલીમ વર્ગમાં આવી ખૂબ જ ખંત અને પરિશ્રમથી અભ્યાસ કરે છે. તેના શ્રેષ્ઠ અને ફળદાયી પરિણામો ચોક્કસ હાંસલ થવાના છે.

કેળવણી મંડળના મહામંત્રી શ્રી એમ.કે. ચૌધરીએ જણાવ્યું હતું કે, આત્મવિશ્વાસ અને લક્ષ્ય સાથે વિધાર્થીઓ પરિશ્રમ કરે તો સફળતા મળે જ છે. તાલીમાર્થીઓનો અનેરો ઉત્સાહ અને મહેનત જોતાં શ્રેષ્ઠ સફળતા મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે મહામંત્રી શ્રી ઈશ્વરભાઈ ચૌધરી, શ્રી મણીભાઈ બી. ચૌધરી તથા કન્વીનર શ્રી વિષ્ણુભાઈ એન. ચૌધરીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. ખજાનચી શ્રી સતીષભાઈ ચૌધરીએ આભારવિધી કરી હતી.

## વણકર સમાજનો સમૂહ લગ્ન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨

અગિયાર ગોળ વણકર સમાજ પ્રેરિત 'શ્રી ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ (પાંચ ગોળ) વણકર સમાજ, ગાંધીનગર' દ્વારા સમગ્ર વણકર સમાજનો સમૂહલગ્ન સમારોહ ૨૦૧૮ કોઈ પણ ગોળ-પરગણાના બાદ સિવાય રવિવાર તા. ૧૩મી મે ૨૦૧૮ના રોજ ગાંધીનગર ખાતે યોજાશે. આ સમુહલગ્નમાં ભાગ લેવા ઈચ્છતા વાલીઓએ તા. ૨૦મી એપ્રિલ ૨૦૧૮ સુધીમાં સંસ્થાના પ્રતિનિધીઓ ડાહ્યાભાઈ ડી. રાઠોડ ૯૯૨૫૫ ૧૯૧૮૫, અશોકભાઈ એમ. પરમાર ૯૪૨૭૦ ૭૧૮૭૩, રમણભાઈ એસ. પરમાર ૭૫૬૭૦૯૦૯૯૦, મોતીભાઈ એમ. વણકર ૯૯૦૪૬ ૧૩૦૩૪, મોહનભાઈ એસ. રાઠોડ ૯૪૨૭૦ ૫૩૯૭૭, રમેશભાઈ સી. પરમાર, ૯૬૬૨૭૦૭૨૭૯ અને મણીલાલ જી. મકવાણા ૯૮૨૪૪ ૦૦૭૯૦નો સંપર્ક કરવા અખબારી યાદીમાં સંસ્થાના મહામંત્રી ડૉ. એ.એસ. સોલંકીએ જણાવ્યું છે.

## ભાટ ગામમાં ઝાડ નીચે બાજી માંડીને બેઠેલા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક ભાટ ગામમાં ગઈ કાલે મોડી સાંજે અડાલજ પોલિસે બાતમીને આધારે દરોડો પાડયો હતો. ગામમાં એક લીમડાના ઝાડ નીચે બાજી માંડીને બેઠેલા ત્રણ શકુનીઓને અડાલજ પોલિસે રંગે હાથ દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. રૂ. ૧૧ હજારના રોકડ મુદ્દામાલ સાથે અડાલજ પોલિસે ત્રણેયની ધરપકડ કરી લીધી હતી.

અડાલજ પી.આઈ. જે.જી. વાઘેલાની ટીમને ગઈ સાંજે ચોકકસ બાતમી મળી હતી કે ભાટ ગામમાં એક લીમડાના ઝાડ નીચે કેટલાક શખ્સો દ્વારા ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો છે. આ બાતમીને આધારે અડાલજ પોલિસની ટીમેગામમાં દરોડો પાડીને ઝાડ નીચે બાજી માંડીને બેઠેલા ત્રણ શકુનીઓને રંગે હાથ જુગાર રમતા પકડી પાડયા હતા. ભાટ ગામની પાણીની ટાંકી પાસે રહેતા શૈલેષ રતિલાલ પરમાર, રવાજી સવધાનજી ઠાકોર અને દસક્રોઈના એરીસણ ગામમાં રહેતા શૈલેષ ભાનુ સાધુ મળીને ત્રણ શખ્સોની ધરપકડ કરી અડાલજ પોલિસે દાવ ઉપરથી રોકડ રૂ. ૧૦૮૦ અને અંગ જડતીમાંથી રૂ. ૯૮૧૦ મળીને કુલ રૂ. ૧૦૮૯૦ની રોકડ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દેના ગુજરાત ગ્રામીણ બેંકની વાર્ષિક બેઠક યોજાઈ

દેના ગુજરાત ગ્રામીણ બેંકના ચેરમેન તથા ઉચ્ચ અધિકારીઓની ગાંધીનગર ખાતે શાખા પ્રબંધકોની બેઠક તાજેતરમાં યોજાઈ હતી. જેમાં શ્રેષ્ઠત્તમ સેવા પ્રદાન કરનાર પ્રબંધકને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં દેના બેંકના એકઝીકયુટીવ ડાયરેકટર ડૉ. રાજેશકુમાર યદુવંશી, બેંકના ફીલ્ડ જનરલ મેનેજર વી.એસ. ખીચી તથા બેંકના ચેરમેન બી.એસ. લુથરા, જનરલ મેનેજર રાકેશ ચલાવરીયા તથા શાખાના અધિકારીઓ હાજર રહ્યા હતા. જેમાં બેંકના અધિકારીઓને જરુરી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું અને શાખાના વિકાસ માટે પ્રબંધકનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો. બેંકના ચેરમેન બી.એસ. લુથરા દ્વારા વર્ષ દરમિયાન બેંક દ્વારા કરવામાં આવેલ વિવિધ કામગીરીની રૂપરેખા આપવામાં આવી હતી.

## @ગાંધીનગર

- જિલ્લા અદાલત ગાંધીનગર જન જાગૃતિ શિબિર સાંજે ૫.૩૦ થી ૭ કલાક દરમિયાન શિવશકિત મહાદેવ મંદિર પાસેના ચોકમાં સે-૭-સી ખાતે યોજાશે.
- સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા નવનિર્વાચિત ધારાસભ્યો અને અગ્રણીઓને સન્માનવાનો કાર્યક્રમ સાંજે ૬ કલાકે ટાઉનહોલ સે-૧૭, ખાતે યોજાશે.
- મહારાષ્ટ્ર સમાજ સે-૨૧ ખાતો આવેલ સિધ્ધિ વિનાયક મંદિર ખાતો મહાઆરતી સાંજે ૭ કલાકે તેમજ ગણપતિ અર્થવશીર્ષનું આયોજન સાંજે ૫ કલાકે કરાયું છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ કાન્તિભાઈ કુબેરદાસ, ઉ.વ. ૭૧
- સ્વ. ઠાકોર ડાહીબેન અરજણજી, ઉ.વ. ૬૫
- સ્વ. ઉષારાની શોભા, ઉ.વ. ૬૫